# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ,                                                                 તા. ૨૨/૦૯/૨૦૧૭

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- એક તરફ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દેશ અને દુનિયામાં ભારતની પ્રતિષ્ઠા વધારી રહયા છે જયારે બીજી તરફ રાહુલ ગાંધી વિદેશની ધરતી પર જઈને ભારતને બદનામ કરી રહયા છે. : પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડયા
- રાહુલ ગાંધી ના તમામ પ્રવાસો નાટયાત્મક અને હાસ્યાસ્પદ હોય છે.
- વિશ્વમાં ભારતને બદનામ કઈ રીતે કરી શકાય? તેમાં જ કોંગ્રસી નેતાઓ રચ્યા-પચ્યા રહે છે.
- લોકશાહી ઢબે ચુંટાયેલી મોદી સરકારને ઉથલાવવા માટે અગાઉ કોંગ્રેસના નેતા મણીશંકર ઐય્યરે આતંકી દેશ પાકિસ્તાનની મદદ માંગી હતી આનાથી શરમજનક ઘટના બીજી કઈ હોઈ શકે? : પ્રદેશ પ્રવકતા શ્રી ભરતભાઈ પંડયા
- હિન્દુસ્થાનના દુશ્મન અને પાકિસ્તાનના સમર્થક દેશ ચીનના રાજદુત સાથે રાહુલ ગાંધીએ છુપી રીતે બેઠક કરી દેશની શાંતિ અને સલામતી માટે જોખમ ઉભુ કર્યુ હતુ.

પ્રદેશ પ્રવક્તા શ્રી ભરતભાઈ પંડયાએ કોંગ્રેસના શહજાદા રાહુલ ગાંધી ના પ્રવાસ અંગે પ્રત્યાઘાત આપતા જણાવ્યુ કે સત્તા વગર કોંગ્રેસ રહી શકતી નથી પાણી વિના જેમ માછલી તરફડે તે રીતે કોંગ્રેસ સત્તા વગર તરફડી રહી છે. સત્તા વગર ભાન ગુમાવી

ચુકેલા કોંગ્રેસના નેતાઓ હવે વિદેશની ધરતી પર જઈને પોતાના વંશવાદને સમગ્ર દેશ સાથે જોડીને દેશને બદનામ કરવાનુ પાપ કરી રહ્યા છે. સંપુર્ણ બહુમતીથી ચુંટાયેલી મોદી સરકારને ઉથલાવવા માટે કોંગ્રેસી નેતા મણીશંકર ઐય્યરે પાકિસ્તાનમા જઈને પાકિસ્તાનનુ સમર્થન માંગ્યુ હતુ આનાથી શરમજનક બીજી કઈ વાત હોઈ શકે? ડોકલામ મુદ્દે ભારત અને ચીનની સેના સામ સામે આવી ગઈ હતી યુધ્ધ જેવી પરીસ્થીતીનુ નિર્માણ થયુ હતુ તેવા સમયે કોંગ્રેસના શહજાદા છુપી રીતે ચીનના રાજદુતને મળીને દેશને શરમજનક સ્થિતીમાં મુક્યો હતો.

હાલમા ંજ અમેરીકાના પ્રવાસે ગયેલા રાહુલ ગાંધી દેશની પ્રતિષ્ઠા બચાવવા માટે વિદેશીઓને અપીલ કરી રહ્યા છે જે ખુબજ હાસ્યાસ્પદ અને શરમજનક છે.

રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ અંગે પ્રત્યાઘાત આપતા શ્રી પંડયા એ જણાવ્યુ કે રાહુલ ગાંધીના અગાઉના તમામ પ્રવાસો નાટયાત્મક અને હાસ્યાસ્પદ જ રહ્યા છે. ઉનાની ઘટના સમયે રાજકોટ ખાતે આવેલા રાહુલ ગાંધી જેને પિડીતાની માં સમજીને તેણી સાથે ઈમોશનલ ડ્રામા કર્યા હતા તે પિડીતાની માં જ ન હતી.

૧લી મે ગુજરાત સ્થાપના દિવસે દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવેલા રાહુલ ગાંધી પ્રજાને શાંતી, સલામતિ અને શુભેચ્છાનો સંદેશ પણ પાઠવયો ન હતો. બનાસકાંઠાના પુર પિડીતોને સહાય કરવાને બદલે રાહુલ ગાંધીએ નોટબંધી અને જી.એસ.ટી ની વાતો કરી પ્રજાને ગુમરાહ કરી હતી. કોંગ્રેસના ધારાસભ્યો પણ બેંગ્લોરની ફાઈવ સ્ટાર હોટલમાં જલસા કરી રહ્યા હતા જ્યારે હર હંમેશ પ્રજા વચ્ચે રહેતા ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પુર પિડીતો વચ્ચે રહીને તેમની મદદ કરી રહ્યા હતા. બનાસકાંઠાના પુર પિડીતોને મદદ કરવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સહીત આખે આખી સરકાર ખડે પગે પ્રજાની મદદમાં રહી હતી.

દેશની સંસ્કૃતીનુ પ્રતીક, લાખો લોકોનુ શ્રધ્ધા અને આસ્થાનુ કેન્દ્ર સોમનાથ મંદિરનુ પુનઃનિમાર્ણ સરદાર વલ્લભભાઈ પટેલે કર્યુ ત્યારે ત્તકાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદને તે સમયના પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુ એ કાર્યક્રમમાં જવાની ના પાડી હતી તેમ છતાંય રાજેન્દ્ર પ્રસાદજી એ કાર્યક્રમમા હાજર રહ્યા હતા. નેહરુ ગાંધી પરીવારનુ અત્યાર સુધી એક પણ સભ્યએ સોમનાથદાદા ના દર્શન કર્યા નથી ત્યારે ગુજરાત વિરોધી, નર્મદા વિરોધી, વિકાસ વિરોધી માનસિકતા ધરાવતી કોંગ્રેસ કયા મોઢે ગુજરાતની અસ્મિતાની વાત કરે છે? તેમ શ્રી પંડયાએ અંતમા જણાવ્યુ હતુ.